# SI જગદીશ પ્રસાદે પોતાનાં જીવ આપીને લોકોના જીવ બચાવ્યા

ફરીદાબાદ, તા.૮

ફરીદાબાદના સુરજકુંડ મેળામાં શનિવારે એક દુર્ઘટના સર્જાઈ હતી. સુરજકુંડ મેળામાં અચાનક એક રાઈડ ધડામ કરતા તૂટી પડી હતી, જેમાં અનેક લોકો ઈજાગ્રસ્ત થયા હતા. ઈજાગ્રસ્તોને બચાવવાના પ્રયાસમાં ડ્યુટી પર તૈનાત ૫૮ વર્ષીય SI જગદીશ પ્રસાદનું મૃત્યુ થયું હતું. તેમને ૨૦૧૯-૨૦માં હરિયાણાના રાજ્યપાલે પોલીસ મેડલથી સન્માનિત કર્યા હતા.

એક સિનિયર અધિકારીએ જણાવ્યું કે, પ્રસાદ ૧૯૮૯માં હરિયાણા આર્મ્ડ પોલીસમાં જોડાયા હતા. માર્ચ મહિનામાં ૩૬ વર્ષની સેવા પૂર્ણ કરીને તેઓ નિવૃત્ત થવાના હતા. તેમણે રાઈડમાં ફસાયેલા લોકોને બચાવવામાં ઘણી બહાદુરી બતાવી, પરંતુ આ દરમિયાન તેમને ગંભીર ઈજાઓ થઈ હતી. જેના કારણે તેમનું અવસાન થયું.

શનિવારે રાત્રે હરિયાણાના DGP અજય સિંઘલે આ બહાદુર અધિકારી માટે ૧ કરોડ રૂપિયાના વળતર અને તેમના પરિવારના એક સભ્યને સરકારી નોકરી આપવાની જાહેરાત કરી છે. ડીજીપીએ કહ્યું કે, જગદીશ પ્રસાદને શહીદનો દરજ્જો આપવામાં આવશે, કારણ કે તેમણે અન્ય લોકોના જીવ બચાવવાના પ્રયાસમાં પોતાનો જીવ કુર્બાન કર્યો છે.

નોંધનીય છે કે, શનિવારે સાંજે આશરે ૬ વાગ્યે મેળામાં રાઈડ અચાનક તૂટી પડી હતી. તે સમયે રાઈડમાં આશરે ૧૯ લોકો બેઠા હતા. આ અકસ્માતમાં ૧૧ લોકો ઘાયલ થયા હતા. ઘાયલોને બચાવવા ગયેલા એસઆઈ જગદીશ પ્રસાદનું મોત થયું હતું. હરિયાણાના પર્યટન મંત્રી અરવિંદ શર્માએ જણાવ્યું કે, તમામ ઈજાગ્રસ્તો હવે ખતરાથી બહાર છે. અધિકારીઓએ કહ્યું કે, આ દુર્ઘટનાની તપાસ કરવા માટે એક કમિટી બનાવવામાં આવી છે. રાઈડના માલિક વિરુદ્ધ કેસ પણ નોંધવામાં આવ્યો છે.

## સુરજકુંડ મેળામાં એક તૂટી પડી હતી, ઈજાગ્રસ્તોને બચાવવાના પ્રયાસમાં ડ્યુટી પર તૈનાત જગદીશ પ્રસાદનું મૃત્યુ થયું હતું

સુરજકુંડ દુર્ઘટના કેસમાં પોલીસે બે લોકોની ધરપકડ કરી છે. આમાં હિમાચલ કેર ફન કેરના માલિક શાકિર મોહમ્મદ અને અન્ય આરોપી નિતેશનો સમાવેશ થાય છે. ઝૂલો તૂટ્યો હતો તેનો માલિક શાકિર મોહમ્મદ છે અને તેનું નામ FIRમાં પણ નોંધાયેલું છે.

જગદીશ પ્રસાદના અચાનક અવસાનથી તેમના પૈતૃક ગામ મથુરા જિલ્લાના ડેંગરામાં શોક છવાયો છે. તેમના પરિવારમાં પત્ની સુધા, બે પુત્રીઓ નિધિ-દીપ્તિ અને પુત્ર ગૌરવ છે. ત્રણેય બાળકો હાલ અભ્યાસ કરે છે. પત્ની સુધા બાળકો સાથે સોનીપત પોલીસ લાઈન્સના સરકારી ક્વાર્ટરમાં રહે છે.

જગદીશ પ્રસાદના ભાઈ પ્રદીપે જણાવ્યું કે, અમને શનિવારે રાત્રે ૮ વાગ્યે આ દુઃખદ સમાચાર મળ્યા. તેમના અન્ય ભાઈ સતીશ ચંદ્ર બલ્લભગઢમાં કેમિકલ ફેક્ટરીમાં કામ કરે છે, જ્યારે ચંદ્રભાન સિંહ ફરીદાબાદમાં મોટર કંપનીમાં કાર્યરત છે. પિતા સૂરજમલ અને માતા શાંતિ દેવી ગામમાં જ રહે છે.


## પ્રસાદ મિલ્સ લિમિટેડ

CIN: U17119GJ1914PLC000041

Regd Office: 578/6, ઓફિસ નંબર 13, મધુવન બિલ્ડીંગ, માદલપુર નાલા પાસે, ગુજરાત કોલેજ રોડ, એલિસબ્રિજ, અમદાવાદ - 380006, ગુજરાત, ભારત.

Email : riverfrontppl@gmail.com

### અસાધારણ સામાન્ય સભાની સૂચના

આથી સૂચના આપવામાં આવે છે કે પ્રસાદ મિલ્સ લિમિટેડના સભ્યોની (સભ્ય એટલે ઓર્ડિનરી/ઈક્વિટિ શેર ધરાવતા સભ્યો) અસાધારણ સામાન્ય સભા (EGM) શુક્રવાર, 6 માર્ચ, 2026 ના રોજ સવારે 11:00 વાગ્યે એલિસબ્રિજ જીમખાના, લો ગાર્ડન પાસે, એલિસબ્રિજ, અમદાવાદ, ગુજરાત, ભારત - 380006 ખાતે યોજાશે, જેમાં EGM ની નોટીસમાં દર્શાવેલ વ્યવસાયો હાથ ધરવામાં આવશે.

નોંધો અને સૂચનાઓ:

1. કંપની 23.08.1988 થી ફડચા હેઠળ હતી અને ત્યારથી તે ગુજરાત હાઈકોર્ટના સત્તાવાર લિક્વિડેટરના કાર્યક્ષેત્ર હેઠળ હતી. ત્યારબાદ, રિવરફ્રન્ટ પ્રોપર્ટીઝ પ્રાઈવેટ લિમિટેડ (યોજનાના સ્પોન્સર) દ્વારા 2008 ની કંપની પિટિશન નં. 264 માં રજૂ કરાયેલ કંપની અને તેના લેણદારો/સભ્યો વચ્ચે વ્યવસ્થા અને પુનઃરુત્થાનની યોજનાને ગુજરાત હાઈકોર્ટના 10.11.2023 ના ચુકાદા દ્વારા મંજૂરી આપવામાં આવી હતી. ત્યારબાદ, માનનીય સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડિયા, 05.02.2024 ના આદેશ દ્વારા ગુજરાત હાઈકોર્ટના ચુકાદામાં દખલ કરવા તૈયાર નહોતી. આમ, મંજૂર યોજનાને અંતિમ સ્વરૂપ મળ્યું.
2. કંપનીએ યોજનાનો અમલ શરૂ કર્યો અને તેના દ્વારા કંપનીને ફરીથી જીવંત બનાવવામાં આવી.
3. આ મીટિંગમાં હાજરી આપવા અને મતદાન કરવા માટે હકદાર સભ્યને પોતાને બદલે હાજરી આપવા અને મતદાન કરવા માટે પ્રોક્સી / પ્રોક્સીઝ ની નિમણૂક કરવાનો અધિકાર છે. આવી પ્રોક્સી / પ્રોક્સીઝ કંપનીના સભ્ય હોવાની જરૂર નથી. અસરકારક બનવા માટે, પ્રોક્સીનું સાધન કંપનીના રજિસ્ટર્ડ ઓફિસમાં જમા કરાવવું જોઈએ, યોગ્ય રીતે પૂર્ણ અને સહી કરેલ, મીટિંગ શરૂ થવાના ઓછામાં ઓછા 48 કલાક પહેલાં. કોઈ વ્યક્તિ પચાસ (50) થી વધુ ન હોય તેવા અને કંપનીની કુલ ઓર્ડિનરી/ઈક્વિટિ શેર મૂડીના દસ ટકાથી વધુ ન હોય તેવા સભ્યો વતી પ્રોક્સી તરીકે કાર્ય કરી શકે છે. કંપનીની કુલ ઓર્ડિનરી/ઈક્વિટિ શેર મૂડીના દસ ટકાથી વધુ હિસ્સો ધરાવતો સભ્ય, મતદાન અધિકાર ધરાવતો હોય, તે એક જ વ્યક્તિને પ્રોક્સી તરીકે નિયુક્ત કરી શકે છે અને આવી વ્યક્તિ અન્ય કોઈ વ્યક્તિ અથવા શેરધારકો માટે પ્રોક્સી તરીકે કાર્ય કરી શકશે નહીં.
4. પ્રોક્સી ફોર્મ, અસરકારક બનવા માટે, અસાધારણ સામાન્ય સભા શરૂ થવાના ઓછામાં ઓછા 48 કલાક પહેલાં કંપનીના રજિસ્ટર્ડ ઓફિસમાં જમા કરાવવું આવશ્યક છે.
5. કોર્પોરેટ સભ્યો: જે કોર્પોરેટ સભ્યો તેમના અધિકૃત પ્રતિનિધિઓને મોકલવા માંગે છે તેમને અસાધારણ સામાન્ય સભામાં હાજરી આપવા અને મતદાન કરવા માટે પ્રતિનિધિ ઓને અધિકૃત કરતા બોર્ડના ઠરાવની યોગ્ય પ્રમાણિત નકલ મોકલવા વિનંતી છે.
6. સભ્યો / પ્રોક્સીઓને સભામાં હાજરી આપવા માટે તેમની હાજરી સ્લિપ લાવવા વિનંતી છે.
7. સભ્યોએ સભામાં માન્ય હાજરી માટે આધાર કાર્ડ/મતદાર ID/પાસપોર્ટ જેવા માન્ય ફોટો ઓળખના મૂળ (Original) પુરાવા સાથે લાવવા આવશ્યક છે. જ્યાં પ્રોક્સી નિયુક્ત કરવામાં આવે છે, ત્યાં સભ્ય અને પ્રોક્સી બંનેનો માન્ય ફોટો ઓળખના મૂળ (Original) પુરાવા જરૂરી છે.
8. મીટિંગમાં મતદાન કંપની અધિનિયમ, 2013 ની કલમ 107 અને 109 ની જોગવાઈઓ અનુસાર હાથ ધરવામાં આવશે.
9. આ સૂચના અને સ્પષ્ટીકરણ નિવેદનમાં ઉલ્લેખિત બધા દસ્તાવેજો સભ્યો દ્વારા કંપનીના રજિસ્ટર્ડ ઓફિસમાં કામકાજના દિવસોમાં સવારે 11:00 થી બપોરે 1:00 વાગ્યા સુધી તારીખ 05.03.2026 સુધી નિરીક્ષણ માટે ઉપલબ્ધ રહેશે.
10. મતદાનના પરિણામો કંપનીના ચેરમેન દ્વારા જાહેર કરવામાં આવશે અને તે કંપનીના રજિસ્ટર્ડ ઓફિસના નોટિસ બોર્ડ તેમજ કંપનીની વેબસાઈટ પર પ્રદર્શિત કરવામાં આવશે.

પ્રસાદ મિલ્સ લિમિટેડના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વતી

Sd/-

આનંદ વિપિનચંદ્ર શાહ

ડિરેક્ટર (DIN: 00017452)

તારીખ : 09.02.2026

સ્થળ : અમદાવાદ

*અસલ ઈંગલીશ પરથી ભાષાંતર



નેટ અને ટેલીકોમ ઇન્ફ્રાસ્ટ્રક્ચરનું અપગ્રેડેશન/ બનાવટ.

**ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમય:** તા. ૦૨-૦૩-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી, **ઓફિસનું સરનામુ:** ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ૫ રાજકોટ-૩૬૦૦૦૧. **વેબસાઈટ વિગત:** www.ireps.gov.in

RJT-198

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly


## SANRHEA

## SANRHEA TECHNICAL TEXTILES LIMITED

CIN: L17110GJ1983PLC006309

Regd Office: Parshwanath Chambers, 2nd Floor, Nr. New RBI, Income Tax, Ahmedabad - 380 014.

Phone: (02764) 225204 E-mail: sanrhea@gmail.com Website: www.sanrhea.com

### EXTRACT OF UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED ON 31/12/2025

(Rs. In Lakhs)

| Sr. No. | Particulars | Quarter Ended | | Nine Months Ended |
|---|---|---|---|---|
| | | 31.12.2025 Unaudited | 31.12.2024 Unaudited | 31.12.2025 Unaudited |
| 1 | Total Income from operations | 2303.39 | 1949.01 | 5920.81 |
| 2 | Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | 211.62 | 129.76 | 448.92 |
| 3 | Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | 211.62 | 129.76 | 448.92 |
| 4 | Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items ) | 154.82 | 94.59 | 332.76 |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | 152.47 | 92.79 | 325.71 |
| 6 | Equity Share Capital | 569.00 | 500.00 | 569.00 |
| 7 | Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year | - | - | - |
| 8 | Earnings Per Share (of Rs. 10/- each) (for continuing and discontinued operations) | | | |
| | (a) Basic | 2.72 | 1.89 | 5.95 |
| | (b) Diluted | 2.72 | 1.89 | 5.95 |

**Notes:**

The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results are available on the Stock Exchange website www.bseindia.com and on Company's website www.sanrhea.com

**For SANRHEA TECHNICAL TEXTILES LIMITED**

**Tushar Patel (Managing Director)**

**DIN: 00031632**

**Place: Ahmedabad**

**Date: 07.02.2026**